# ઈડીઆઈઆઈએ 2nd કેસ કનેક્ટ ઓન એન્ટરપ્રેન્યોરશિપ ૨૦૨૬ હેઠળ કેસ રાઈટિંગ વર્કશોપનું આયોજન કર્યું



એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ, હેઠળ કાર્યરત 'સેન્ટર ફોર રિસર્ચ ઇન એન્ટરપ્રેન્યરશિપ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ (CREED)', જે સંશોધન આધારિત પહેલોને પ્રોત્સાહન આપવા માટે સ્થાપિત કરવામાંઆવ્યુંછે, દ્વારા 'કેસ રાઈટિંગ વર્કશોપ ૨૦૨૬'નું આયોજન ૨૯ એપ્રિલથી ૧ મે, ૨૦૨૬ દરમિયાન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ 'સેકન્ડ કેસ કનેક્ટ ઑન એન્ટરપ્રેન્યરશિપ ૨૦૨૬'ના ભાગરૂપે યોજાઈ રહ્યો છે.

કેસ રાઈટિંગ વર્કશોપમાં કુલ ૬૯ કેસ પ્રસ્તાવો પ્રાપ્ત થયા હતા, જેમાંથી ૫૫ને સ્વીકૃતિ આપવામાં આવી છે. આ ૫૫ સ્કોલર્સ અને રિસર્ચર્સ ૪૦ યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ કરે છે.

આ વર્કશોપ કેસ લેખનના મૂળભૂત સિદ્ધાંતોની સમજ આપવાનું, અસરકારક રચના વિકસાવવા, જૂથ ચર્ચાઓ દ્વારા એક મોડેલ કેસનું વિશ્લેષણ કરવા, ભાગ લેનારાઓના ડ્રાફ્ટની વ્યવસ્થિત સમીક્ષા કરવા, તેમના કાર્યને વધુ સુધારવા માટે વન-ઓન-વન માર્ગદર્શન આપવા તેમજ અસરકારક ટીચિંગ નોટ્સ તૈયાર કરવા માટે માર્ગદર્શન આપવા પર કેન્દ્રિત છે. આની શિક્ષણ પદ્ધતિમાં ઇન્ટરેક્ટિવ ચર્ચા, પિયર લર્નિંગ અને વ્યાપક માર્ગદર્શનનો સમાવેશ થાય છે.

સબમિટ કરાયેલા કેસોની સમીક્ષા ડૉ. સત્યજીત મજુમદાર, ડિસ્ટિંગ્વિશ્ડ એડજક્ટ પ્રોફેસર, ઈડીઆઈઆઈ; ડૉ. અમિતાભ દેવ કોડવાણી, પ્રોફેસર, આઈઆઈએમ ઈન્દોર અને ડૉ. ગોરધન કુમાર સૈની, પ્રોફેસર, ટીઆઈએસએસ મુંબઈ દ્વારા કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં પેનલ ચર્ચાઓ અને નિષ્ણાત સત્રો પણ સમાવેશ પામ્યા છે. શ્રી ગણપતિ બત્તીની, કોઓર્ડિનેટર, સેન્ટર ફોર રિસર્ચ ઇન એન્ટરપ્રેન્યોરશિપ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ (સીઆરઈઈડી), આ વર્કશોપના સંયોજક તરીકે કાર્ય કરી રહ્યા છે.